## નિવેદન

૧૯[illegible]થી આજ સુધીની ગુજરાતી કવિતાની પદાવલિ તપાસવાનો ઉપક્રમ મેં આ શોધનિબંધમાં સ્વીકાર્યો છે. આપણી કવિતામાં અલંકાર, કલ્પન, પ્રતીક, પદાવલિ ઇત્યાદિની યોજનામાં ભાષાના પ્રયોગો પરત્વે ઘણા બધા ફેરફારો થયા છે. તેમાંના એક ઘટક કાવ્યપદાવલિનું સ્વરૂપ, તેનાં લક્ષણો, તેની કાવ્યોપકારકતા કવિતામાં કઇ રીતે પ્રગટ થતી આવી છે તેની ચર્ચા અહીં કરી છે.

આધુનિક વિવેચનાનો અભિગમ વસ્તુલક્ષી હોઇ સાહિત્યપદાર્થને શક્ય તેટલા તાટસ્થ્યથી તપાસી શકાય. અત્યાર સુધી સાહિત્યને આપણે સર્જકની, ભાવકની દૃષ્ટિએથી જોતા હતા. સાહિત્યને જોવાની આ દૃષ્ટિઓ ખોટી છે એમ તો કહી ન શકાય. પણ આવી તપાસ મૂળ કૃતિપર ભાર મૂકતી ન હતી એટલે મૂળ કૃતિ પર ભાર મૂકવાનો અભિગમ આપણા વૈજ્ઞાનિક યુગમાં વધુ ને વધુ પ્રચલિત થવા માંડયો. સંસ્કૃત સાહિત્યમીમાંસાએ અને પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાના આરંભ કાળની વિવેચનાએ પણ મૂળ કૃતિ, કૃતિની સંરચના, કૃતિને સાહિત્યકૃતિ બનાવનારાં ઘટકતત્ત્વો ઉપર યથોચિત ભાર મૂકયો જ હતો, એટલે કૃતિનિષ્ઠ અભિગમ પણ પરંપરામાન્ય છે જ.

સાહિત્યનાં બીજાં સ્વરૂપોની સરખામણીમાં કાવ્ય ભાષાની બધી જ શકિતઓને સૌથી વધુ કામે લગાડે છે. આપણી પાસે કાવ્ય ભાષા દ્વારા જ આવતું હોય છે. આપણને અત્યાર સુધી કહેવામાં આવ્યું છે કે કાવ્ય ભાષાની શકયતાઓને સૌથી વધુ તાગી આપે – સંસ્કૃત આલંકારિકોએ પણ શબ્દશકિત, ધ્વનિ, રીતિ, અલંકાર, વક્રોકિતની ચર્ચાને નિમિત્તે કાવ્યમાં પ્રયોજાતી ભાષાનો જ મહિમા

સ્થાપ્યો છે. હવે જો આવી પરિસ્થિતિ હોય તો એ ભાષાની તપાસ વિવેચનની સૌથી મોટી જવાબદારી બની જાય છે.

અહીં આગળ ૧૯૫૬ પછીની ગુજરાતી કવિતામાંથી દસ નમૂનાઓ લઇને તેમની પદાવલિની તપાસ કરવામાં આવી છે. પણ આમ કરતા પહેલા આપણી ભાષામાં ગુજરાતી કવિતાની પરિસ્થિતિ કયા પ્રકારની હતી, કાવ્યવિવેચનની પરિસ્થિતિ કેવી હતી, કાવ્યપદાવલિ એટલે શું, કાવ્યપદાવલિમાં કયા કયા ઘટક તત્ત્વોની તપાસ કરી શકાય – આ મુદ્દાઓની તપાસ અનિવાર્ય કહેવાય. એટલે પહેલા પ્રકરણમાં ગુજરાતી કવિતાની અને કાવ્યવિવેચનાની, બીજા પ્રકરણમાં કાવ્યપદાવલિની ચર્ચા વિચારણા કરવામાં આવી છે. અને પછી ત્રીજા પ્રકરણમાં ગુજરાતી કવિતામાંથી દસ કવિતાઓ પસંદ કરીને તેને આધારે કાવ્યપદાવલિ આપણા રસાસ્વાદમાં કઇ રીતે મહત્વનો ફાળો આપે છે તેની તપાસ શક્ય તેટલી રસલક્ષી ભૂમિકા પર કરવામાં આવી છે.

હવે કોઇને પ્રશ્ન થાય કે ૧૯૫૬ પછીનો સમય મેં શા માટે પસંદ કર્યો?

સ્વાતંત્ર્યોત્તર કવિતા વિશે વિવેચનમાં અને તેના ભાવનમાં ઘણી બધી ભ્રમણાઓ પ્રવર્તે છે. એક બાજુથી આ કવિતા વિશે એમ કહેવામાં આવે છે કે તેમાં દુર્બોધતા છે, (અલબત્ત આ સંજ્ઞાની સ્પષ્ટતા પણ આપણા વિવેચનમાં જોવા નથી મળતી) કિલષ્ટતા છે, તેમાં પ્રતીકોની જટાજાળ છે, તેનું પ્રત્યાયન થતું નથી તો બીજી બાજુએ અંતિમે જઇ તેનો પુરસ્કાર કરવામાં આવે છે. એક બાજુથી તે ભાવકવિમુખ રહી છે તો સાથે સાથે કેટલાકને મતે તો એવી માન્યતા પ્રવર્તે છે કે તેણે પોતાના ખપજોગું વિવેચન આજુબાજુના મિત્રોનાં લખાણમાંથી મેળવી લીધું છે.

એટલે કે તે વિવેચકપ્રિય બનવાની કક્ષાએ પહોંચી છે. વિવેચકનું કામ સાહિત્ય અને ભાવક વચ્ચે સેતુ રચાય તે જોવાનું છે. આ ગાળાની કવિતાના એક કરતાં વધારે અર્થઘટનો થાય તે ઉચિત છે તેથી કાવ્યમાંના ઘણાં બધાં ઘટકોમાંના એક મહત્વના ઘટક–પદાવલિને તપાસીએ તો તે નિમિત્તે આપણી કવિતાની સિધ્ધિ–અસિધ્ધિ શી છે તે પણ જોઇ શકાય.

આ ઉપરાંત બીજી બાજુ સ્વતંત્રતા પછી કાવ્યપદાવલિમાં નોંધપાત્ર ફેરફારો થયા છે એમ તો કોઇ પણ સાહિત્યના અભ્યાસીને લાગ્યા વિના નહીં રહે, આગલી પેઢીની કાવ્યપદાવલિ ક્રમશઃ નિષ્પ્રાણ થતી ગઇ, પુનરાવર્તનો અને રેઢિયાળપણામાં સરીને પોતાનો કાન્તિગુણ ગુમાવી બેઠી અને આવાં અનિષ્ટોની વચ્ચે પણ પરંપરિતમાં પાયાનું કામ નિરંજન ભગત, પ્રિયકાંત મણિયાર, નલિન રાવળ, હસમુખ પાઠક જેવા કવિઓને હાથે થયું. કવિતામાં વાક્છટા, નાટયાત્મકતા, વ્યંગ, વક્રોકિત અને પ્રતીકાત્મકતા સિધ્ધ કરવાનો પ્રયત્ન આ કવિઓ તથા અન્ય કવિઓએ કર્યો છે. ૧૯૫૦થી ૧૯૫૬ના ગાળામાં આપણી કવિતા વિશ્વસાહિત્યની અસર નીચે તેમ જ તેનાં વિવેચનની અસર નીચે આવી, યુરોપના કવિઓના અનુવાદો પણ ઉપલબ્ધ થવા લાગ્યા, આમ વિશ્વસાહિત્યની કવિતાનો પ્રત્યક્ષ પરોક્ષ પરિચય આપણને થયો આથી સંસ્કૃત વૃત્તોમાં આવતા તૈયાર લયોની શિસ્ત છોડવી જોઇએ એવું કેટલાક કવિઓને લાગ્યું અને આ રીતે ભાષાવિશેનો અભિગમ પણ બદલાયો. તેથી કવિતા ૧૯૫૬ થી અછાંદસ તરફ વળી ત્યારે કવિતામાં પદાવલિને આગલી પેઢીના કવિઓ જે રીતે પ્રયોજતા હતા એમનાં કરતાં જુદી રીતે પ્રયોજવાની આંતરિક અનિવાર્યતા ઉભી થઇ. આ આંદોલન પણ થોડો સમય ચાલ્યું. તેમાં આપણને કાવ્યની પદાવલિમાં

આમૂલ ફેરફાર કરનાર ગુલામ મોહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, આદિલ મન્સૂરી, રાવજી પટેલ, સિતાંશુ યશશ્ચંદ્ર, રાજેન્દ્ર શુક્લ, રમેશ પારેખ, અનિલ જોષી, મનહર મોદી, મનોજ ખંડેરિયા ઇત્યાદિ કવિઓ મળયા.

પણ અત્યારે આપણે જોઇએ છીએ કે આપણી કવિતા ફરીથી સ્થગિત થઇ રહી છે. આપણો કવિ રેઢિયાળ રીતે પોતાનું પુનરાવર્તન કરતો થયો છે, કવિયૂવો તથા અન્યસારસ્વતોનું ટોળું જામતું જાય છે. એ નિમિત્તે ૧૯૫૬થી અત્યારસુધી જે કામ કાવ્યની પદાવલિમાં થયું તેની ફેરતપાસ કરવાની એક અનિવાર્યતા ઉભી થઇ છે. આપણો કવિ કાવ્યરચના દરમ્યાન કાવ્યપદાવલિની યોજનામાં કયાં કયાં સફળ કે કયાં કયાં નિષ્ફળ ગયો તે જોવું રસપ્રદ પણ થઇ પડે. માટે આ વીગતોને ધ્યાનમાં રાખી મેં આ ગાળાની કાવ્યપદાવલિની તપાસ મુદ્દાવાર કરી છે.

ગુજરાતી ભાષામાં કાવ્યવિવેચન પુષ્કળ ખેડાયું છે. નર્મદથી શરૂ થયેલી આ પરંપરાને વધુ ને વધુ સાત્વિક ઉહાપોહથી સમૃધ્ધ કરવી જોઇએ એવા આશયથી આ શોધનિબંધની આયોજના કરવામાં આવી છે. ગુજરાતી ભાષામાં કાવ્યની ભાષાની, કાવ્યપદાવલિની ચર્ચા ખાસ કરીને રામનારાયણ પાઠક, બ. ક. ઠાકોર, ઉમાશંકર જોષી, હરિવલ્લભ ભાયાણી, સુરેશ જોષી, ચંદ્રકાન્ત ટોપીવાળા જેવા વિવેચકોએ કરી છે, આમ છતાં એક સળંગ ગ્રંથ કાવ્યની પદાવલિ ઉપર રચાયો નથી. અહીં સહેજ પણ આડંબર વિના કહી શકું કે આ ગાળાની કાવ્યપદાવલિની તપાસ કરતો આ ગ્રથ ગુજરાતીમાં પહેલવહેલો છે, અને એને નિમિત્તે સાહિત્યના અનેક દેશીવિદેશી વિવેચકોના અભિપ્રાયોને ફરી નવા સંદર્ભમાં તપાસવાનો પ્રયત્ન પણ કર્યો છે.

તાજેતરમાં કાવ્યને ભાષાવૈજ્ઞાનિક અભિગમથી તપાસવાના પ્રયત્નો ગુજરાતી કવિતાના સંદર્ભે થયા છે પરંતુ આપણને એવો વહેમ ક્યારેક જાય છે કે અહીં આગળ કૃતિના હાર્દનો પરિચય, કૃતિના સૌંદર્યનો પરિચય આપણને થતો નથી. ક્યાંક કાવ્યપદાર્થને સમજવામાં ભાષાવિજ્ઞાનની પરિભાષા અંતરાય પણ ઉભો કરે છે એટલે એકબાજુ ભાષાવૈજ્ઞાનિક અભિગમ અને બીજી બાજુ પ્રભાવવાદી અભિગમ આ બેની વચ્ચેનો માર્ગ છેવટે સ્વીકારવો પડે એ અનુસાર અહીં આગળ કાવ્ય-પદાવલિની તપાસ ઉંડાણથી, શાસ્ત્રીયતાથી તો ક્યાંક ભાષાવિજ્ઞાનની મદદ લઇ કરવામાં આવી છે. તેમ છતાં આ બધી તપાસનું લક્ષ્ય કાવ્યના કાવ્યત્વને સમગ્રતયા પામવાનું જ છે. વળી કોઇને એમ પણ થાય કે ભાષાવૈજ્ઞાનિક અભિગમ શામાટે શાસ્ત્રીય રીતે કાવ્યપદાવલિની તપાસમાં ~~શામાટે~~ અપનાવવામાં નથી આવ્યો. આધુનિક વિવેચનના ગ્રંથો-માં આ પ્રકારનો અભિગમ વધી રહયો છે ત્યારે આવો પ્રશ્ન અસ્થાને નથી. ભાષાવૈજ્ઞાનિક અભિગમના પરિચય પછી એવા નિષ્કર્ષ પર હું આવ્યો છું કે આ અભિગમ કૃતિને સમગ્રતયા તપાસવામાં નિષ્ફળ નીવડયો છે. એટલાજ માટે હરિવલ્લભ ભાયાણી ભાષાવિજ્ઞાની હોવા છતાં તેઓ જ્યારે ગુજરાતી કવિતાની કૃતિનિષ્ઠ ચર્ચા કરે છે ત્યારે આ અભિગમને વચ્ચે લાવ્યા વિના કૃતિમાં રસ કેવી રીતે સિધ્ધ થાય છે તે શાસ્ત્રીય રીતે નિર્દેશે છે. રોજર ફાઉલર જેવા કે રિચાર્ડ ઓહમેન જેવાઓએ પણ ભાષાવૈજ્ઞાનિક વિવેચનની મર્યાદાઓ બહુ સ્પષ્ટ રીતે સ્વીકારી લીધી છે. એટલે આ શોધનિબંધમાં જ્યાં જરૂરી લાગ્યું છે ત્યાં જ ભાષાવિજ્ઞાનની મદદ લઇને કૃતિની ચર્ચા કરવામાં આવી છે. હમેશાં એ યાદ રાખ્યું છે કે વિવેચન એ કોઇ સાધ્ય નથી. વિવેચન સર્જનોત્તર ઘટના છે.

અહીં કાવ્ય પદાવલિની સૈધ્ધાંતિક વિચારણાના અનુસંધાનમાં કેટલીક લાક્ષણિક કાવ્યકૃતિઓ લઇને તેમની પદાવલિની તપાસ કરવામાં આવી છે, આ રીતે સૈધ્ધાંતિક વિવેચના અને કૃતિનિષ્ઠ વિવેચનાનો સમન્વય કરીને આ તપાસ કરી છે.

આ પ્રયત્ન એ કોઇ અન્તિમ પ્રયત્ન બની રહેવાનો નથી જ કારણ કે સિધ્ધાંતો આખરે તો સર્જાતા સાહિત્યના અનુસંધાનમાં જ વિચારવાના રહે છે. ગુજરાતી કવિતામાં હજુ નવા પ્રયોગો થાય, નવી દિશાઓ ખૂલે તો કાવ્યપદાવલિની તપાસ જુદી રીતે કરવાનો પ્રસંગ પણ ઉભો થાય. એવા પ્રસંગો ગુજરાતી વિવેચનમાં અવારનવાર ઉભા થાય એવી અપેક્ષા અસ્થાને તો નથી જ.